**Name of Work: - Annual Rates for Maintaining and Repairing Various Building Works, Essential Services under Road & Building Division Anand.**

## : શરતો :

1. ભાવ પત્રક અંગેની નિયત ફી રૂા. ૬000.00 Online n-procure ઉપર DD scan કરી મૂકવાનો રહેશે.
2. ઇ-૨ વર્ગ તથા ઉપરનો વર્ગ ની શ્રેણીમાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઈશે તથા અદ્યતન ચાલુ કેલેન્ડર વર્ષની બેંક સોલ્વન્સી રજુ કરવાની રહેશે તથા પાનકાર્ડ તથા જી.એસ.ટી. ની નકલ સામેલ રાખવી.
3. ભાવ પત્રક સંપૂર્ણ રીતે ભરી તેની સાથે બાનાની અનામત પેટે રૂા.૧,00,000.00 એફ.ડી.આર. / ડીમાન્ડ ડ્રાફટ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, આણંદ" ના નામની બીડવાની રહેશે. ત્યાર બાદ ભાવો મંજુર થયેથી ડીપોઝીટ તરીકે રૂા. ૧,૫0,000.00 ની એફ.ડી.આર. (બાર માસ માટે) "કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, આણંદ" ના નામની જમા કરાવવાની રહેશે. ત્યાર બાદ જ કામ કરવાનો હુકમ આપવામાં આવશે.
4. દરેક આઈટમો પૈકી આવેલ સૌથી નીચા ભાવ આઈટમ વાર મંજુરી માટે ગણતરીમાં લેવામાં આવશે.
5. સરકારશ્રીના વખતો વખતના નિયમો ભાવ ભરનાર ઇજારદારશ્રીને બંધનકર્તા રહેશ. તેમજ ઇજારદાર દ્વારા ભરવામાં આવેલ ભાવો તમામ પ્રકારના ટેક્ષ, લોકલ બોડી ટેક્ષ (જી.એસ.ટી. સિવાય) અને રોયલ્ટી સાથેના જ રહેશે. અલગથી નિયમો અનુસાર G.S.T. ચૂકવવામાં આવશે. જે અંગે સક્ષમ કક્ષાએથી વર્કઓર્ડર આપવામાં આવે ત્યારે વર્કઓર્ડરમાં સક્ષમ સત્તા અધિકારી દ્વારા દર્શાવવાનું રહેશે.
6. કબુઅલાત નામાની સમયમર્યાદા દરમ્યાન જી.એસ.ટી. ના સ્લેબમાં ફેરફાર થશે તો તે મુજબ ટેક્ષ તફાવત કપાત અથવા ઉમેરીને અલગથી ચુકવણાની કાર્યવાહી કરવાની રહેશે.
7. ઓન લાઈન ભાવો ભરેલ તમામ ઈજારદારશ્રીએ ભાવ મંજૂર થયેથી કામની જરૂરીયાત મુજબ અંદાજપત્રક મંજૂર કરાવી કામગીરી કરવાની રહેશે.
8. ભાવ મંજુર થયેલ ઈજારદારશ્રીએ જયારે જયારે જે આઈટમોની જેટલા જથ્થાની જરૂરીયાત ઉપસ્થિત થશે તે માટે અંદાજપત્રક તૈયાર કરી સક્ષમ કક્ષાએથી તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે

અને મળેલ તાંત્રિક મંજૂરીથી આપણે વર્ક ઓર્ડર મળ્યેથી કામગીરી કરવાની રહેશે અને વર્ક ઓર્ડર મુજબની દરેક આઈટમોની કામગીરી નિયત સ્પેશીફીકેશન પ્રમાણે કરવાની રહેશે.

9. કામની અગત્યતા અને જરૂરીયાત જણાયે મંજુર થયેલ ભાવથી જે ઈજારદારશ્રીએ ઓન-લાઈન ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધેલ હશે તેઓ પાસેથી જ કામગીરી કરાવવાના પૂર્ણે હકક ખાતાને અબાધીત રહેશે. જે અંગે કોઈ દાદ ફરીયાદ ગ્રાહય રાખવામાં આવશે નહી.
10. કામના જથ્થા, ગુણવત્તા અને જરૂરીયાત અંગે કોઇપણ તકરાર કે ગુંચવણ ઉભી થયે કાર્યપાલક ઇજનેરશ્રી, (મા.મ.) વિભાગ, આણંદના નિર્ણય આખરી રહેશે અને ઇજારદારને તે બંધનકર્તા રહેશે. નિયત સમયમર્યાદામાં પૂરા ન કરેલ કામ બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સક્ષમ અધિકારી દંડની જે રકમ નક્કી કરે તે ઇજારદારના બિલમાંથી કપાત કરવાની રહેશે.
11. થયેલ કામગીરીના બીલોનું ચુકવણું ગ્રાંટની ઉપલબ્ધતાને અનુલક્ષીને કરવામાં આવશે અને તે માટે કોઈ પણ જાતના કારણો આપવામાં આવશે નહી. અને આ અંગે કોઈ દાદ ફરીયાદ ગ્રાહય રાખવામાં આવશે નહી.
12. મશીનરીઓ ધ્વારા ખાતાકીય કામગીરી દરમ્યાન સરકારી / ખાનગી મિલ્કતોને કે અન્ય કોઈ જાનહાની કે કોઈપણ જાતનું નુકશાન થશે તો તે અંગેની સઘળી જવાબદારી જે તે ઈજારદારશ્રીની રહેશે.
13. દરેક આઈટમોના કામો માટે જરૂરી વિજળી, પાણી, મશીનરી, માલસામાન વિગેરે ઈજારદાર લાવવાના રહેશે અને તેનો સમાવેશ સાથે ભાવો ભરવાના રહેશે.
14. માલ સામાન પ્રવર્તમાન આઈ.એસ. મુજબના ધારાધોરણ મુજબ હોવા જરૂરી છે.
15. દરેક કામ બિલ્ડીંગ વર્ક, રોડ વર્ક, બ્રીજ વર્ક બુકલેટ (આર એન્ડ બી) એન.બી.ઓ. સ્ટાન્ડર્ડ સ્પેશીફીકેશન, મોર્થ તથા આઈ.એસ. મુજબ સ્ટાન્ડર્ડ ગુણવત્તા સભર કરવાનું રહેશે.
16. ભાવો વર્કે ઓર્ડરની તારીખથી ૧૧ (અગિયાર) માસ સુધી અમલમાં રહેશે, તેમજ બંને પક્ષની સંમતિથી સમયમર્યાદા ખાતાની જરૂરીયાત મુજબ સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ ૬ (છ) માસ સુધી વધારી શકાશે.
17. સદરહુ કામગીરી કરનાર કારીગરને અકસ્માત કે અન્ય કોઈપણ પ્રકારના નુકશાનની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.
18. સદરહું કામગીરી કરવામાં કોઈપણ જાતનું નુકશાન ના થાય તે મુજબની કામગીરી કરવી અને જો નુકશાન થશે તો અત્રેથી નકકી કરવામાં આવેલ કિંમત વસુલ કરવામાં આવશે.

19. સરકારશ્રીનાં નિયત ધારા ધોરણ મુજબ ડીપોઝીટ, ઈન્કમટેક્ષ, લેબર સેસ તથા અન્ય કપાતો કરવામાં આવશે.

20. થયેલ કબુલાતનામાનો કોઈપણ સમયે કોઈપણ કારણ આપ્યા વગર ૩ દિવસની નોટીસ આપી અંત લાવવાનો આ વિભાગનો હકક અબાધિત રહેશે.

21. કામગીરીની આઈટમોના જથ્થામાં વહીવટી તંત્રની સુચના અનુસાર નોધપાત્ર વધારો/ઘટાડો થવાની શકયતા રહેશે. જે બાબતે ઈજારદારશ્રીનો કોઈજ વાંધો કે દાવો માન્ય રાખવામાં આવશે નહી.

22. સુચિત કામગીરી માટે વાપરવાના થતા મટીરીયલ્સની ગુણવત્તા સબબ સરકારશ્રી ધ્વારા ધારા ધોરણ મુજબ ટેસ્ટીંગ કરાવવાનું રહેશે.

23. કામગીરી કરી આપ્યા બાદ તેનું બીલ સમયસર રજુ કરવાનું રહેશે. જે ચૂકવવા માટે સક્ષમ અધિકારીશ્રીને મોકલી આપવામાં આવે અને નાંણાકીય ઉપલબ્ધી પ્રમાણે તેનું ચૂકવણું કરવામાં આવશે. જે માટેના વિલંબ અંગે કોઈ મત-દાવો માન્ય ગણાશે નહી.

24. સંજોગોવસાત કબુલાતનામુની આઈટમોની કામગીરી કરાવવાની ન પણ થાય જેથી કબુલાતનામાની આઈટમનું કામ આપવા અંગેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી કે કોઈ ચોકકસ રકમનું કામ કરાવવામાં આવશે, તેવી પણ બાંહેધરી આપી શકાય તેમ ન હોવાથી એજન્સી સદર કબુલાતનામા મુજબ કામ ન મળવા બાબતે કોઈ કહેવાતા નફા નુકશાન વગેરે અંગે કોઈપણ પ્રકારનો હકક, દાવો કરી શકશે નહી. તાકીદનાં કીસ્સામાં જે એજન્સીના ભાવો મંજુર થાય તેવા સંજોગોમાં અન્ય એજન્સી પાસે પણ મંજુર થયેલા કબુલાતનામાના ભાવે આ કામ કરાવવા માટે વિભાગ સ્વતંત્ર રીતે નિર્ણય લઈ કામ કરાવી શકશે તથા આ બાબતે મુળ એજન્સીનો કોઈ દાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહી.

25. સરકારશ્રીના પરિપત્ર ઠરાવ ક્રમાંક : પીડબ્લ્યુ / ૧૦૨૦૦૭ / ૧(ભાગ-૧)/સ, તા.૧૨/૦૭/૨૦૧૧ થી આપેલ સૂચના મુજબ ફકરા નં.૧૮૮(ક)(૨) મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

26. કામની અગત્યતા અને જરુરિયાત જણાયે મંજુર થયેલ (એલ-૧) ભાવથી ઓન-લાઇન ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધેલ ઇજારદારશ્રીઓ પાસેથી સ્થળ-સ્થિતિ મુજબ વારા ફરતી કામગીરી સોંપવામા આવશે.”

**બાહેંધરી:**

હું / અમો આથી જાહેર કરીએ છીએ કે, જાહેર નિવીદાની તમામ શરતો તથા ઉપર મુજબ તમામ શરતો હું / અમોએ વાંચી / સમજી છે તથા કરાર અને વર્કઓર્ડરમાં જે શરતો હશે તે અમોને / અમારા વાલી વારસોને કબુલ મંજુર કર્તા રહેશે.

| | | |
|---|---|---|
| **ઈજારદારશ્રી / સપ્લાયરની**<br>**તારીખ સાથે સહી** | **નાયબ કાર્યપાલક ઈજનેર**<br>**માર્ગ અને મકાન પેટા વિભાગ**<br>**આણંદ.** | **કાર્યપાલક ઈજનેર**<br>**માર્ગ અને મકાન વિભાગ**<br>**આણંદ.** |